ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગુજરાતમાં દિન-પ્રતિદિન વધતી ગુનાખોરી ચિંતા ઉપજાવે છે

**રાજ્યમાં ગુન્હાખોરીનો આતંક : મહિલાઓ અને બાળકો સાથેના ગુન્હાઓમાં વધારો : ચોરી-લૂંટફાટના કેસો દરરોજના થયા છે**

ગાંધીનગર, તા. ૧૬

ડાયમન્ડ સીટી, ટેક્સટાઈલ્સસીટી, ક્લીનસીટી જેવા અનેક નામે જાણીતા સુરત શહેરમાં તાજેતરમાં બનેલી ઘટનાઓએ સૌને હચમચાવી મુક્યા છે. ધોળા દિવસે એક યુવતીના સરાજાહેરમાં ગળુ કાપીને કરવામાં આવેલી હત્યા ખરેખર તાલીબાની કૃત્ય છે.

**સમયસર**

આરોપીને સખ્તમાં સખ્ત સજા થવી જ જોઈએ પરંતુ આપણે એ પણ વિચારવુ પડશે કે આપણો સમાજ કઈ દિશા તરફ જઈ રહ્યો છે. શાંત-સલામત ગુજરાતના લીરેલીરા આપણી નજર સમક્ષ ઉડી રહ્યા છે અને આપણે કંઈ જ કરી શકતા નથી. છેલ્લા કેટલાક સમયથી વધી રહેલા ક્રાઈમના બનાવો ગુજરાતને યુપી-બિહાર બનવા તરફ તો નથી દોરી રહ્યાને તે વિચારવા જેવુ છે.

માનવતાના નામ પર ડાઘ કહી શકાય તેવા બનાવો છેલ્લા કેટલાક સમયથી વધ્યા છે. જ્યાં જુઓ ત્યાં હત્યા, લૂંટ, બળાત્કાર, ચોરી જેવા બનાવો એક પછી એક સર્જાયા જ કરે છે. અખબારો જાણે લાલ રંગથી રંગાઈ ગયા હોય તેમ લાગી રહ્યુ છે. મોબાઈલમાં જોઈએ તો બધે જ આ પ્રકારના બનાવોની વિગતો વાંચવા મળે છે. વારે ઘડીએ આવુ વાંચીને અને વિચારીને જાણે માથુ ફાટ ફાટ થાય છે તો ક્યારેક અરેરાટી થાય છે. આપણે વારંવાર આપણી સંસ્કૃતિની દુહાઈ દીએ છીએ.

વધી રહેલા આવા ક્રાઈમના બનાવો આપણી કહેવાતી સંસ્કૃતિને ક્યાંય ફંગોળી રહ્યા છે. બાળકો અને ખાસ કરીને યુવાનો ગુન્હાખોરીના ખપ્પરમાં હોમાઈ રહ્યા છે. મોબાઈલના વળગણે તો દાટ વાળ્યો છે. યુવાનો મોબાઈલની આભાસી દુનિયામાં જ જીવે છે અને તેમાંથી જ ગેરમાર્ગે દોરાઈને ગુન્હાખોરી તરફ ડગ માંડે છે. વધતી જતી બેરોજગારી અને તેના લીધે આવતી હતાશા પણ યુવાનોને ગુનાહિત કૃત્ય કરવા તરફ પ્રેરે છે. જે ઝડપથી આવા બનાવો બની રહ્યા છે તે આપણા સમાજ માટે લાલબત્તી સમાન છે.

મેટ્રોસીટીની તો વાત જ જવા દો... સુરત અને અમદાવાદ જેવા મેટ્રોસીટીમાં તો હત્યા, બળાત્કાર, ચોરી, લૂંટફાટ જેવા બનાવો લગભગ દરરોજ બને છે. આડા સંબંધો, સાયબર ક્રાઈમ અને ફ્રોડના બનાવો વધતા જ જઈ રહ્યા છે તેને ક્યાં બ્રેક લાગશે તે ખબર નથી. ગુન્હેગારોને જાણે કોઈનો ડર ન હોય તેમ બેફામ બની રહ્યા છે. શાંત-સલામત ગુજરાતના દાવાઓ સાવ પોકળ સાબિત થઈ રહ્યા છે. ગૃહ રાજ્યમંત્રીના શહેરમાં જ ક્રાઈમના અઢળક બનાવો બની રહ્યા છે. ચોરી, લૂંટ અને ઘરફોડના બનાવો વધતા આપણુ રાજ્ય જાણે ક્રાઈમ સ્ટેટ બની રહ્યુ હોય તેવુ લાગી રહ્યુ છે. ક્યારેક એવુ લાગે છે કે શાંત-સલામત ગણાતુ આપણુ રાજ્ય ક્યાંક યુ.પી.-બિહારના રસ્તે તો નથી જઈ રહ્યુંને..? વધુ સમય બગડે તે પહેલા તંત્રએ જાગૃત થવાની જરૂર છે અને ગુન્હાખોરીને અટકાવવી જરૂરી છે. સાથે જ સમાજે પણ નિરાશા, હતાશા દૂર થાય અને એક સ્વસ્થ સમાજની રચના થાય તે દિશામાં પગલાં લેવા આવશ્યક છે.

# રખડતા પશુઓની સમસ્યાને નાથવા જાહેરમાં ઘાસનું વેચાણ કરવા પર પ્રતિબંધ

**જિલ્લા કલેક્ટરને મનપાએ કરેલી લેખિત રજૂઆતને પગલે કલેક્ટરે આ અંગે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગરમાં રખડતા પશુઓની સમસ્યા વધુ ને વધુ ઘેરી બની ઉભરી રહી છે ત્યારે આજે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યએ એક જાહેરનામુ પ્રસિદ્ધ કરી ગાંધીનગર મનપાના વિસ્તારમાં જાહેર સ્થળોએ ઘાસચારો વેચવા તેમજ તેનો સંગ્રહ કરવા અને નિરવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.

કલેકટશ્રીએ પોલીસ અધિનિયમ ૧૯૫૧ના કાયદા નં. ૨૨ ની કલમ ૩૩ (૧)(ગ)થી મળેલ સત્તાની રૂએ આ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે. આ જાહેરનામાનો ભંગ કરનાર સામે ફોજદારી ધારાની કલમ ૧૮૮ અને પોલીસ અધિનિયમ ૧૩૧ મુજબ પગલાં લેવામાં આવશે તેમ સ્પષ્ટ જણાવવામાં આવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં રખડતા પશુના ત્રાસને કારણે છાશવારે અકસ્માતોની ઘટના બની રહી છે. આ ઉપરાંત જાહેરમાં ઘાસચારાનું વેચાણ કરવામાં આવતાં માર્ગો ગંદકીથી ખદબદી રહ્યા છે. મનપા દ્વારા સ્માર્ટસીટીના અનેકવિધ પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યા છે અને આ રખડતા પશુઓને લઈ શહેરમાં ગંદકી વધી રહી છે તે વાત અંગે મનપાએ કલેક્ટરને પત્ર લખ્યો હતો.


શહેરમાં સ્વચ્છતા સર્વેક્ષણની કામગીરીમાં પણ અવરોધ ઉભો થવા લાગ્યા હોવાનું મનપાએ તેના પત્રમાં જણાવ્યુ છે.

જાહેર માર્ગો પર ઘાસચારો વેચવાની પ્રવૃત્તિના કારણે ગંદકી તેમજ દબાણની પ્રવૃત્તિ પણ ફૂલીફાલી છે.

મનપાએ કરેલી લેખિત રજૂઆતને અતિ ગંભીરતાથી લઈ જિલ્લા કલેક્ટર ડૉ. આર્યએ જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે.

ગાંધીનગર શહેરને કેટલ ફ્રી બનાવવા અંગે અગાઉ પણ તંત્ર દ્વારા પગલાં લેવામાં આવ્યા હતા. એક તબક્કે આ મુદ્દે તડીપાર કરવા સહિતના પગલાંઓ ભરવાની ચીમકી આપવામાં આવી હતી.

ગાંધીનગર શહેરમાં રખડતા પશુઓની સમસ્યા સતત વકરી રહી છે. મનપાતંત્રએ રખડતા પશુઓને પકડી અને દંડનીય કાર્યવાહી પણ હાથ ધરી છે પરંતુ તેના ધાર્યા પરિણામ મળ્યા નથી. હવે કલેક્ટરે આ અંગે જાહેરનામુ પ્રસિદ્ધ કર્યુ છે.



રૂપાલમાં વરદાયિની માતાજીના સુપ્રસિધ્ધ મંદિરે ભક્તિની પરાકાષ્ઠાનો અદભુત નજારો જોવા મળ્યો હતો. રૂપાલમાં વરદાયિની માતાજીના મંદિરે ડોલરના હારનો શણગાર કરવામાં આવ્યો હતો. ૧૫૦૦ ડોલર જેટલા આ શણગારની કિંમત દોઢ લાખ રૂપિયા જેટલી થાય છે. ભકતો દ્વારા શ્રધ્ધાપૂર્વક માતાજીને મનાવવા માટે પોતાની ઈચ્છા પૂર્તિ માટે ડોલરના હારનો શણગાર કરીને મહા મહિનાની ભકિતભાવસભર ઉજવણી કરવામાં આવી હતી.

# સેકટરોના નવનિર્મિત ઉદ્યાનો રખડતા ઢોરનો અડ્ડો બનતા સ્થાનિકોમાં રોષ

**શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોની સોસાયટીમાં રખડતા ઢોર હવે કરોડોના ખર્ચે નિર્માણ કરાયેલા બગીચાઓમાં પણ ઘુસી જતા ઉદ્યાનની સુંદરતા સાથે બાળકોની સલામતી સામે પણ ખતરો**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરના સેકટરોમાં કરોડોના ખર્ચે નવા ઉદ્યાનોનુ નિર્માણ કરાયુ છે. નયનરમ્ય બગીચાઓમાં ખેલકુદ કરતા બાળકોની સંખ્યા વિશેષ જોવા મળે છે. પરંતુ શહેરના ઉદ્યાનોમાં પણ હવે રખડતા ઢોર નજરે પડતા ઉદ્યાનની સુંદરતા અને બાળકોની સલામતી સામે પણ ખતરો મંડરાયો છે. સેકટરોમાં બગીચાઓના નવિનીકરણ બાદ મુલાકાતીઓની સંખ્યા વધી છે સેકટરોની શેરીઓમાં તેમજ મુખ્યમાર્ગો પર અડ્ડો જમાવતા રખડતી ગાય આખલા હવે બગીચાઓમાં પણ લટાર મારતા થઈ ગયા છે. જેના લીધે સેકટરવાસીઓમાં પ્રબળ રોષ પ્રવર્તયો છે. શહેરનો વન આરક્ષિત વિસ્તાર પણ રખડતા ઢોરનો અડ્ડો બન્યો છે.

ગાંધીનગરમાં રખડતા ઢોરની સમસ્યા હજુ યથાવત છે. કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ એક દાયકાથી વધુ સમયના અંતે શહેરના મુખ્યમાર્ગો તેમજ સેકટરોની સોસાયટીઓ અને આંતરિક માર્ગો પર રખડતા ઢોરનો અડ્ડો જોવા મળી રહ્યો છે. કોર્પોરેશન કક્ષાએથી આ મામલે કોઈ અસરકારક કામગીરી થઈ શકી નથી. જેના લીધે સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધતુ નગર હજુ સુધી રખડતા ઢોરની સમસ્યામાંથી મુકત થઈ શકયુ નથી. શહેરના મુખ્યમાર્ગો આસપાસ વન આરક્ષિત વિસ્તારમાં પણ રખડતા ઢોર ઘુસી જતા હરિયાળી સામે ખતરો મંડરાવાની સાથે ગંદકીનો પ્રશ્ન પણ જટીલ બન્યો છે. સેકટરોના રહેણાંક વિસ્તારમાં પણ સોસાયટીમાં તોફાને ચઢતા આખલાઓની ગેંગે અનેકવાર રહીશોને લોહીયાળ ઈજા પહોંચાડી છે. જયારે માર્ગ વચાળે અડીંગો જમાવતા ઢોર અકસ્માત માટે પણ જવાબદાર બને છે. શહેરના શાકમાર્કેટ અને અન્યે સેકટરોના શોપિંગ બજારમાં પણ મહીલાઓ અને બાળકોને રખડતા ઢોરનો ભય સતાવે છે. ત્યારે હવે નગરના ઉદ્યાનોમાં પણ રખડતા ઢોરનો અડ્ડો જોવા મળે છે. કોર્પોરેશન દ્વારા કરોડો રૂપિયા ખર્ચીને સેકટરોના ઉદ્યાનોનુ નવિનીકરણ કરવામાં આવ્યુ છે. જેના લીધે હાલ નવનિર્મિત ઉદ્યાનોમાં હળવાશ અનુભવતા સેકટરવાસીઓ તેમજ ખેલકુદ કરતા બાળકો નજરે પડે છે. ઉદ્યાનોના નવિનીકરણની સાથે તેની જાળવણીનુ કામ પણ સંબંધિત એજન્સીને જ સોંપવામાં આવ્યુ છે પરંતુ શરૂઆતના તબક્કાથી જ આ બગીચાઓની દરકાર લેવામાં નિરસતા સેવાઈ રહી હોવાનુ સ્પષ્ટ થઈ રહ્યુ છે. જેના લીધે ઉદ્યાનોની સુંદરતા તેમજ સહેલાણીઓની સલામતી સામે ખતરો મંડરાયો છે. બગીચાઓમાં એક પણ જગ્યાએ ચોકીદાર જોવા મળતા નથી જેના લીધે ઉદ્યાનોમાં પણ સોસાયટી અને સેકટરોના આંતરિક વિસ્તારની જેમ ગમે ત્યારે રખડતા ઢોર ઘુસી જાય છે. સે-૯ માં પણ બગીચામાં રખડતા ઢોર નજરે પડી રહ્યા છે. આ સ્થિતિ વચ્ચે સેકટરવાસીઓ તેમજ ઉદ્યાનમાં ખેલકુદ કરતા બાળકોની સલામતી પણ જોખમાઈ છે. જેના લીધે સેકટરવાસીઓમાં પ્રબળ રોષ પ્રવર્તયો છે. સેકટરોના બગીચાઓને રખડતા ઢોરનો અડ્ડો બનાવતા અટકાવવા માટે પણ સ્થાનિકોમાં પ્રબળ માંગ ઉઠવા પામી છે.

# લેકાવાડા પાસે બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર બનાવવા ૧૦ એકર જમીનની માંગણી કરાઈ

**આ વિસ્તારમાં વિકાસની કામગીરી ઝડપી બની છે અને હવે જમીનની માંગ પણ સતત વધી રહી છે**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેર નજીક આવેલ લેકાવાડા ગામ નજીક બાયોટેકનોલોજી રિસર્ચ સેન્ટર બનાવવા માટે ૧૦ એકર જમીનની માંગણી વિજ્ઞાન અને પ્રાદ્યોગિકી વિભાગ દ્વારા કરવામાં આવી છે.

વિભાગે આ માંગણી કરતી અરજી જિલ્લા કલેકટરને મોકલી આપી છે તેમજ વિભાગના ઉચ્ચ અધિકારીઓની ટીમ પણ આજે ગામની જમીન જોવા માટે લેકાવાડા ગામે પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે આ અંગે મામલતદાર અને સર્વેયરની કચેરી પાસેથી અભિપ્રાય મેળવ્યા બાદ જમીન ફાળવણી અંગે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

આ માટે જમીનની કિંમત પણ નિયત કરવામાં આવશે અને તે પછી રાજ્ય સરકારને આખરી નિર્ણય માટે દરખાસ્ત મોકલવામાં આવશે.

ગાંધીનગર શહેરમાં ગિફ્ટસીટી, નાઈપર જેવી સંસ્થાઓ તેમજ એનએસજી કમાન્ડો ટ્રેનીંગ સેન્ટર અને સી.આર.પી.એફ.ની મહિલા બટાલિયન તેમજ જી.ટી.યુ. માટે જમીનો ફાળવવામાં આવી છે. આ વિસ્તારમાં વિકાસની કામગીરી ઝડપી બની છે અને હવે જમીનની માંગ પણ સતત વધી રહી છે જે ઉલ્લેખનીય છે.

# ગાંધીનગર ડેપોમાં ૨૦ હજાર રોકડ ભરેલા મહિલાના પર્સની ઉઠાંતરી

**છેલ્લા એક સપ્તાહમાં પીક પોકેટીંગના પાંચ બનાવો : લગ્નસરાની સિઝનમાં મુસાફરોમાં ભય : જાણભેદુ ગઠીયાઓ તકનો લાભ લઇ રોજબરોજ મુસાફરોના ખિસ્સામાં હાથફેરો કરી લે છે : ડેપોની સલામત સવારી સામે મોટો પ્રશ્ન**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગર એસ ટી ડેપોમાં વારંવાર મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બની રહ્યા છે. ત્યારે હાલ લગ્નસરાની સિઝન ચાલી રહી છે. ત્યારે જાણભેદુ ગઠીયાઓએ ડેપોમાં જાણે અડ્ડો જમાવ્યો છે. છેલ્લા એક સપ્તાહમાં જ પાંચ મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બન્યા છે. ગઈકાલે બસમાં બેસવા જતી એક મહીલાનુ રૂ ૨૦ હજારની રોકડ સાથેનુ પર્સ સેરવી ગઠીયાઓ પલાયન થઈ ગયા હતા જયારે ચાર દિવસ અગાઉ પણ મોબાઈલ અને પાકીટ ચોરીના બનાવો બન્યા હતા. લગ્નની મોસમમાં ડેપો સંકુલમાં મુસાફરોની વિશેષ ભીડ રહે છે જયારે ભીડનો લાભ ઉઠાવી ગઠીયાઓ ગમે ત્યારે હાથફેરો કરી લેતા મુસાફરોમાં પણ ભયની લાગણી વ્યાપી છે. ત્યારે ડેપો કક્ષાએથી પણ મુસાફરોની સલામતીને અનુલક્ષી કોઈ આયોજન કરવામાં આવતુ નથી.

ગાંધીનગર એસ ટી ડેપોમાં દિવસે અને રાત્રિના સમયે ગમે ત્યારે બસમાં બેસતા મુસાફરો પીક પોકેટીંગનો ભોગ બને છે. ડેપોમાં છેલ્લા એક દાયકાથી પોલીસ ચોકી કાર્યરત કરવા માટે રજુઆતો કરવામાં આવી રહી છે. આ મામલે જાગૃત નાગરિકો રજુઆત કરીને પણ થાકી ગયા છે. દિવાળીના તહેવાર સહીત

● અનુસંધાન પાન-૭ પર



ડાળે ડાળે પગલાં વસંતના... વસંત ઋતુમાં ગાંધીનગરનું સૌંદર્ય સોળે કલાએ ખીલી ઉઠે છે. શહેરમાં ઠેર ઠેર વિવિધ પ્રકારના વૃક્ષો ઉછેરવામાં આવ્યા છે. વેલા અને વૃક્ષો પર વિવિધરંગી પુષ્પો આવ્યા છે જે ખુબ જ સુંદર લાગી રહ્યા છે. વિવિધ રંગી બોગનવેલ આખેઆખી ફૂલોથી જાણે ઉભરાઈ રહી છે. જેનું સૌંદર્ય આંખોને ઠારી રહ્યુ છે.

# શહેરના સેકટરોમાં વરસાદી પાણીની નિકાલની ચેમ્બરો ભયજનક હાલતમાં

**કેટલાક ઠેકાણે ભારે વાહનોની અવરજવરના લીધે લાઇન અંદર દબાઇ જતા રાહદારીઓ માટે જોખમી સ્થિતિ : તુટેલી ચેમ્બરો પાસે ઉકરડા પણ અસ્તિત્વમાં આવતા નવી સમસ્યા**

ગાંધીનગર તા ૧૬

ગાંધીનગરમાં ઘણાં ઠેકાણે ગટર લાઈન તેમજ વરસાદી પાણીના નિકાલની ચેમ્બરમાં ગાબડા જોવા મળે છે જયારે ચેમ્બરના ઢાંકણો પણ એકબાજુથી અંદર ગરકાવ થતા ભયજનક સ્થિતિનુ નિર્માણ થયુ છે. અગાઉ મુખ્યમાર્ગો પર વરસાદી પાણીના નિકાલની લાઈનની ચેમ્બરના ઢાંકણો પણ તુટેલા જોવા મળતા હતા જયારે તંત્ર દ્વારા મોટાભાગાના વિસ્તારોમાં ઢાંકણો બદલીને નવા મુકવામાં આવ્યા હતા હાલ સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે તુટેલી ચેમ્બર પાસે ઉકરડો અસ્તિત્વમા આવ્યો છે. સે-૮ માં પણ કેટલાક ઠેકાણે આ મુજબની ભયજનક સ્થિતિ છે. જેને અનુલક્ષીને ત્વરિત કામગીરી હાથ ધરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

શહેરના સેકટરોમાં ગટરો ઉભરાવાની સમસ્યાનો અંત આવતો નથી ત્યારે સ્માર્ટ સીટી અન્વયે નવી લાઈન નાંખવા માટે પણ આયોજન કરી દેવાયુ છે. બીજીતરફ શહેરના મુખ્યમાર્ગો તેમજ જાહેર સ્થળોએ અનો સોસાયટીમાં પણ ગટર લાઈનના ઢાંકણો એકબાજુથી અંદર ગરકાવ થઈ જતા ભયજનક દ્રશ્યો જોવા મળે છે. સેકટરોમાં ઘણાં ઠેકાણે સ્ટોર્મ વોટર લાઈન અગર ગટર લાઈનના ઢાંકણો વારંવાર તુટી જવાના લીધે પણ જોખમી સ્થિતિ સર્જાય છે. શહેરના મુખ્યમાર્ગો પર

● અનુસંધાન પાન-૭ પર

# કોલવડા-ધમાસણા માર્ગનું રિસરફેસીંગ રૂ. ૩.૫૭ કરોડના ખર્ચે હાથ ધરવામાં આવશે

**માર્ગ-મકાન મંત્રી મોદીએ ધારાસભ્ય ડો. ચાવડાને પત્ર લખી નિર્ણયની જાણ કરી**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર તાલુકાનો કોલવડા-મોટી આદરજ-જલુંદ-ધમાસણા રોડના રિસરફેસીંગ કામ કરવાનો રાજ્ય સરકારે સૈદ્ધાંતિક નિર્ણય કરી આગળની કાર્યવાહી કરવા કાર્યપાલક ઈજનેરને સૂચનાઓ આપવામાં આવી છે.

રાજ્યના માર્ગ અને મકાન મંત્રી પૂર્ણેશ મોદીએ ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાને પત્ર પાઠવી સરકારના આ નિર્ણયની જાણકારી આપી છે. આ માર્ગ ૫.૩૦ કિ.મી.ની લંબાઈ ધરાવે છે અને આ માટે રૂ. ૩.૭૫ કરોડની રકમ મંજૂર કરવામાં આવી હોવાનું પણ મંત્રીએ તેમના પત્રમાં જણાવ્યુ છે.

ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય માર્ગોની હાલત અત્યંત ખરાબ અને મુસાફરીલાયક રહ્યા ન હોઈ તાત્કાલિક આ માર્ગોના મરામતની કામગીરી હાથ ધરવામાં આવે તે માટે તાજેતરમાં જ તાલુકા પંચાયત પ્રમુખ ગોપાળજી ઠાકોરે ગાંધીનગર (ઉ) અને ગાંધીનગર (દ)ના ધારાસભ્યોને પત્ર લખી રજુઆત કરી હતી જે ઉલ્લેખનીય છે.

દરમ્યાન ધારાસભ્ય ડૉ. ચાવડાએ પણ મંત્રી મોદીને ગાંધીનગર તાલુકાની આંતરમાર્ગોની તેમની રજૂઆતને સકારાત્મક પ્રતિસાદ આપી સુધારણા કરવાનો નિર્ણય લીધો છે તે માટે આભારની લાગણી વ્યક્ત કરી છે. વિધાનસભાનું સત્ર આગામી ૨જી માર્ચથી શરૂ થઈ રહ્યુ છે ત્યારે માર્ગોની સમસ્યા અને કામોને લઈ શભ્યોના રોષને ટાળવા મંત્રી દ્વારા અનેક મહત્વના કામો અંગે નિર્ણય લઈ અને તાબડતોબ કામગીરી શરૂ કરવા માટેની સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

આપની આસપાસના

● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●

● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●

● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●

આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી

અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો

વોટ્સએપ નંબર : 8758512466

E-mail : gandhinagarsamachar@gmail.com

ગાંધીનગર સમાચાર

૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.

ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

# શહેરમાં કોરોનાના નવા ૨૩ કેસ

**૧૧ મહિલા દર્દીઓ નોંધાયા : પાલજમાં ૫, વાવોલ-જીઈબીમાં ૩-૩ કેસ, સે. ૨૧માં અને આઈઆઈટીમાં ૨-૨ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર શહેરમાં કોરોનાના આજે ૨૩ નવા કેસ મળી આવ્યા છે. શહેરમાં ધીમી ગતિએ કોરોના વિદાય લઈ રહ્યાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે. શહેરમાં છુટાછવાયા કેસો મળી રહ્યા છે અને પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનું આ સૂત્રોએ કહ્યુ છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૧૧ મહિલા દર્દી છે. ૪ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. આજે નોંધાયેલા તમામ દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.શહેરમાં મોટાભાગના દર્દીઓ હોમ આઈસોલેશનમાં હોવાથી હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી સાથે કોરોના ગાઈડલાઈન્સના ચુસ્ત અમલીકરણ માટે તંત્રએ તાકીદ કરી છે.

શહેરમાં રિકવરી રેટ ઝડપથી સુધરી અને ૯૦ ટકાએ પહોંચ્યો હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે. શહેરમાં આજે વધુ ૯૭ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તાર વાવોલમાં ૩, પાલજમાં ૫, આઈઆઈટીમાં ૨, જીઈબીમાં ૩ કેસ નોંધાયા છે.

આ ઉપરાંત રાંધેજા, રાયસણ, સરગાસણ અનો કોબામાંથી પણ એક-એક કેસ મળી આવેલ છે. શહેરના સેક્ટરોમાં સે. ૨૧માં ૨ અને સે. ૨ તેમજ સે. ૫ માંથી એક-એક કેસ મળી આવેલ છે.

# ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસ વધ્યા : નવા ૧૯ કેસ

**માણસાના ચડાસણામાં ૧ વર્ષનો દિકરો સંક્રમિત થયો : દહેગામમાં ૫, ગાંધીનગરમાં ૬, કલોલમાં ૭ અને માણસામાં ૧ કેસ નોંધાયો**

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે કોરોનાના વધુ ૧૯ કેસ નોંધાયા છે. છેલ્લા બે દિવસથી ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસોમાં નજીવો વધારો થઈ રહ્યો હોવાથી તંત્રની ચિંતા વધી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસોની સંખ્યામાં થઈ રહેલી વધ-ઘટથી તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા કેસમાંથી ૪ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતા હોસ્પિટમલાં દાખલ કરવામાં આવેલ છે.

આજે નોંધાયેલ કેસમાં ૮ મહિલા દર્દી છે. છ દર્દી ૬૦ કે તેથી વધુ વયના છે. ૩ દર્દી ૧૧ થી ૨૦ વર્ષની વયજૂથના છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે માણસા તાલુકાના ચડાસણા ગામે એક વર્ષનો દિકરો સંક્રમિત થયો છે અને તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે દહેગામમાં ૫, ગાંધીનગરમાં ૬, કલોલમાં ૭ અને માણસામાં એક કેસ નોંધાયેલ છે.

દહેગામ તાલુકાના દેવકરણના મુવાડા, પાસુન્દ્રા, લવાડ, ઉદણ, રખિયાલમાંથી કેસો મળી આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com